## -: જાહેરનામુ :-

## પોલીસ કમીશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક ગ/ઉપક/ ૩ /૨૦૧૬ તા. ૪/૦૧/૨૦૧૬

સને ૧૯૫૧ ના મુંબઇ અધિનિયમ (સને ૧૯૫૧ ના મુંબઇનો ૨૨ મો) ની કલમ ૩૩ (૧) (ડબ્લ્યુ) થી અમદાવાદ શહેર પોલીસ કમીશ્નર તરીકે મને મળેલ સત્તાની રૂએ હુ શિવાનંદ ઝા, પોલીસ કમીશ્નર, અમદાવાદ શહેરના પોલીસ કમીશ્નરના અધિકાર ક્ષેત્ર હેઠળ આવેલ તમામ નિવાસી હોટલો/ગેસ્ટ હાઉસો તથા બોર્ડીંગ હાઉસોમાં આવતા ગ્રાહકો (પ્રવાસીઓ) કે જેઓ તેમની હોટલમાં રોકાણ કરે તે પ્રવાસીઓના પુરા નામ, સરનામા, તથા તેમના મોબાઇલ અને ટેલીફોન નંબર તથા અમદાવાદ શહેર ખાતે રોકાણના આશય વિગેરેની પુરેપુરી વિગતો તેમના વિસ્તારના પોલીસ સ્ટેશનમાં દરરોજ સવારે ૧૧/૦૦ સુધીમાં અચુક હોટલ પરવાનેદારોએ મોકલી આપવાનો આ કચેરીના જાહેરનામા ક્રમાંકઃગ/ઉપક/૧૦૩/૨૦૦૨ તારીખઃ૨૭/૦૯/૨૦૦૨ થી હુકમ કરવામાં આવેલ હતો. જે જાહેરનામામાં આંશીક સુધારો કરી નિચે મુજબનો હુકમ કરૂ છુ.

દરરોજ સવારે કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીમાં હાર્ડ કોપી મોકલવાના બદલે અમદાવાદ શહેરના દરેક પોલીસ સ્ટેશનના ઇ-મેલ એડ્રેસ ઉપર ઇ-મેલ દ્વારા માહીતી મોકલવાની રહેશે. અને તેમાં એકસુત્રતા જળવાઇ તે સારુ માહીતી મોકલાવવા અંગેનો પત્રકનો નમુનો નિચે મુજબ રહેશે.

(૧) હોટલનુ નામ તથા સરનામુ : ..........................................................................................

(૨) હોટલ માલીકનુ નામ તથા સરનામુ તથા મોબાઇલ નંબર : ..........................................................................................

| અન | તારીખ | ગ્રાહક/પ્રવાસીનુ નામ, સરનામુ, ઉંમર વર્ષ, મોબાઇલ નંબર | I.D પ્રુફની વિગતો | આવવાનો સમય | જવાનો સમય | રોકાણનો હેતુ/આશય | રુમ નંબર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | |
| | | | | | | | | |

નોંધ : રુમમાં જેટલી વ્યક્તિ રોકાણ કરવાની હોય તે તમામના પુરા નામ, સરનામા, મોબાઇલ નંબર તથા આઇ.ડી પ્રુફની વિગતો ઉપરોક્ત પત્રકમાં દર્શાવવાની રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે.

આ જાહેરનામાનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે. અને આ જાહેરનામુ બીજો હુકમ ન થાય ત્યા સુધી અમલમાં રહેશે.

આજ રોજ તારીખ :૦૪/૦૧/૨૦૧૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

(શિવાનંદ ઝા)
પોલીસ કમીશ્નર
અમદાવાદ શહેર

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

૧.મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારુ

૨.અગ્ર સચીવશ્રી ગૃહ વિભાગ ગુજરાત સરકાર સચીવાલય ગાંધીનગર.

૩.પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.પોલીસ ભવન ગાંધીનગર.